પ્રથમ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી 2027ની યજમાની હવે ભારત કરશે

રમત શાસન સંબંધિત સમસ્યાઓથી ઘેરાયેલા શ્રીલંકાને યજમાન પદેથી આખરે હટાવી દેવાયું

છ ટીમો વચ્ચેની ટૂર્નામેન્ટ 14થી 28 ફેબ્રુઆરી 2027 દરમિયાન મુંબઇ અને વડોદરામાં રમાશે

દુબઈ, તા. 02 (PTI) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ બુધવારે પ્રથમ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીને શ્રીલંકાથી ભારત ટ્રાન્સફર કરી છે. આ છ ટીમો વચ્ચેની સ્પર્ધા 14 થી 28 ફેબ્રુઆરી દરમિયાન મુંબઈ અને વડોદરામાં રમાશે. ટાપુ દેશ રમત શાસન સંબંધિત સમસ્યાઓથી ઘેરાયેલો હોવાને કારણે શ્રીલંકાને યજમાન તરીકે હટાવવામાં આવ્યું હતું. આઈસીસી બોર્ડે બુધવારે નવા યજમાન તરીકે ભારતને મંજૂરી આપી હતી.

આઈસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ટૂર્નામેન્ટ મૂળરૂપે શ્રીલંકામા આયોજિત થવાની હતી, પરંતુ જુલાઈમાં યોજાયેલી આઈસીસીની વાર્ષિક પરિષદમાં

દર્શાવવામાં આવેલા આવશ્યક સુધારાઓ શ્રીલંકા ક્રિકેટ દ્વારા સતત હાથ ધરવામાં આવી રહ્યા હોવાથી હવે આ સ્પર્ધા ભારતમાં યોજાશે.

આઈસીસીએ બદલીના યજમાનની ભલામણ કરતા પહેલા પોતાના નિર્ધારિત યજમાન મૂલ્યાંકન માપદંડોના આધારે ત્રણ ઉમેદવારો બાંગ્લાદેશ, ભારત અને દક્ષિણ આફ્રિકાનું મૂલ્યાંકન કર્યું હતું, જેને 2 સપ્ટેમ્બરે આઈસીસી બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. મુંબઈનું ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા (CCI) અને વડોદરા ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ આ સીમાચિહ્નરૂપ ટૂર્નામેન્ટના સ્થળો હશે, જેમાં વિશ્વની છ અગ્રણી મહિલા ક્રિકેટ ટીમો ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ભારત, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા એકસાથે ભાગ લેશે.

જુલાઈ 6 ની ક્વોલિફિકેશન કટ-ઓફ તારીખે આઈસીસી મહિલા ટી-20I ટીમ રેન્કિંગમાં તેમના સ્થાનના આધારે ક્વોલિફાય થનારી આ છ ટીમો રાઉન્ડ-રોબિન લીગમાં સ્પર્ધા કરશે, અને ટોચની બે ટીમો 28 ફેબ્રુઆરીએ રમાનારી ફાઈનલ રમશે. પુરુષોની ચેમ્પિયન્સ ટ્રોફી 50 ઓવરના ફોર્મેટમાં રમાય છે.

ICC ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે આઈસીસી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી 2027 એ મહિલા ક્રિકેટ માટે એક રોમાંચક નવા પ્રકરણની શરૂઆત છે. ટૂર્નામેન્ટની આ પ્રથમ આવૃત્તિ હોવાથી, તે તીવ્ર અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્પર્ધામાં વિશ્વની શ્રેષ્ઠ ટીમોને એકસાથે લાવશે. આ સાથે જ, આ વૈશ્વિક મંચ પર સ્થાન મેળવવા માટે ટીમોને રેન્કિંગમાં સતત આગળ વધવા અને સ્પર્ધા કરવા માટે મોટું પ્રોત્સાહન પૂરું પાડશે.

આજે BCCIની સમીક્ષા બેઠક, વિવિધ મુદ્દા ચર્ચાશે

અગરકર અને ગંભીર ઈજાગ્રસ્ત ખેલાડીઓ માટે COE પાસે 'રિટર્ન-ટુ-પ્લે' ટાઈમલાઈન માગી શકે

ન્યૂઝીલેન્ડનો પ્રવાસ અને 2027ના વન ડે વર્લ્ડકપનો રોડમેપ તૈયાર કરવાનો મુદ્દો પણ બેઠકમાં ચર્ચાશે

બેઠકમાં પસંદગી અધ્યક્ષ અગરકર, કોચ ગૌતમ ગંભીર અને CoE વડા વીવીએસ લક્ષ્મણ હાજર રહેશે

નવી દિલ્હી, તા. 02 (PTI) : ન્યૂઝીલેન્ડના પ્રવાસ અને આગામી વર્ષના વનડે વર્લ્ડકપ માટે રોડમેપ તૈયાર કરવા તેમજ મહત્ત્વના ખેલાડીઓની ઈજાના સંચાલન (ઈજરી મેનેજમેન્ટ) મુદ્દે ગુરુવારે મુંબઈમાં બીસીસીઆઈની સમીક્ષા બેઠક યોજાશે. આ બેઠકમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકર હાજર રહેશે.

જૂન-જુલાઈમાં યુકે (ઈંગ્લેન્ડ) પ્રવાસમાં મળેલી હાર અંગે વિગતવાર ચર્ચા થવાની શક્યતા છે, પરંતુ બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા સહિતના હોદ્દેદારો ભવિષ્યના આયોજન પર ધ્યાન આપવા માંગે છે. સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)ના વડા વીવીએસ લક્ષ્મણ પણ આ બેઠકમાં જોડાય તેવી શક્યતા છે. ન્યૂઝીલેન્ડનો પ્રવાસ ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાવાનો છે. ભારતીય ક્રિકેટના તાજેતરના ઘટનાક્રમ પર નજર રાખનારા લોકોનું કહેવું છે કે, બેંગલુરુ સ્થિત COE ખાતે પુનર્વસનમાંથી પસાર થઈ રહેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા અને લક્ષિત ઈજાગ્રસ્ત ખેલાડીઓ અંગે અગરકર અને ગંભીર કેટલીક ચોક્કસ સ્પષ્ટતા માગી શકે છે.

દરેક ખેલાડીનું શરીર અને ઈજાઓ અલગ-અલગ હોય છે, તેથી તેમના વાપસી માટે ચોક્કસ તારીખ નક્કી કરવી મુશ્કેલ છે. પરંતુ કેટલીકવાર COEની સ્પોર્ટ્સ સાયન્સ ટીમ અંદાજિત સમયમર્યાદા આપવમાં પણ નિષ્ફળ રહી છે. અગરકર અને ગંભીર માટે કેટલાક મહત્વના ખેલાડીઓની ઉપલબ્ધતા વિશે ખ્યાલ હોવો જરૂરી છે, જે મોટી ટૂર અને આઈસીસી ઈવેન્ટ્સની વ્યૂહાત્મક યોજના માટે ખૂબ મહત્વનું છે. નવી દિલ્હીમાં 13 સપ્ટેમ્બરથી શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની ત્રણ ટી20 મેચોની સિરીઝ માટે પસંદ કરાયેલી ટીમ પર નજર કરીએ તો, પસંદગી સમિતિએ ચાર ઈજાગ્રસ્ત ખેલાડીઓ બુમરાહ, વોશિંગ્ટન સુંદર, નીતિશ કુમાર રેડ્ડી અને હર્ષિત રાણાને ફિટનેસને આધીન રહીને સ્થાન આપ્યું છે. આ ચારેય ખેલાડીઓ 'રિટર્ન ટુ પ્લે' પ્રોટોકોલનું પાલન કરી રહ્યા છે. હવે બોલ લક્ષ્મણના નેતૃત્વ હેઠળના COEના કોર્ટમાં છે. COE માટે હવે પડકાર એ છે કે આ ઈજાગ્રસ્ત ખેલાડીઓ મેચ સિમ્યુલેશનમાંથી પસાર થાય તે સુનિશ્ચિત કરીને મેદાન પર પાછા લાવવામાં આવે, જે ખેલાડીને ફિટ જાહેર કરતા પહેલાનું છેલ્લું પગલું છે. કેટલાક એવા કિસ્સાઓ પણ બન્યા છે જ્યાં ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ આપ્યા બાદ અને 'રિટર્ન ટુ પ્લે' પ્રોટોકોલ ફોલો કર્યા પછી પણ સ્પષ્ટપણે ઓવરવેઈટ જોવા મળ્યા છે.

વન ડે વર્લ્ડકપ માટે રોહિતના સમાવેશનો પ્રશ્ન

રોડમેપ ચર્ચામાં વનડે વર્લ્ડકપમાં જઈ રહેલા ત્રણ અનુભવી ખેલાડીઓ રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાના ભવિષ્યનો પણ સમાવેશ થશે. જોકે વિરાટ અને જાડેજા હાલમાં કોઈ ખાસ દબાણમાં નથી, પરંતુ રોહિત શર્મા પર સવાલો ઉઠી રહ્યા છે. એવી વ્યાપક અટકળો હતી કે પસંદગી સમિતિના એક સભ્ય દ્વારા રોહિતને અનૌપચારિક રીતે જણાવવામાં આવ્યું હતું કે પેનલે હવે ભવિષ્ય તરફ આગળ વધવાનો નિર્ણય લીધો છે. તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન લોર્ડ્સ વનડે પછી રોહિતને પૂછવામાં આવ્યું હતું કે શું તે પોતાની કારકિર્દીનો અંત લાવશે. માજી કેપ્ટન અને તેમની નજીકના લોકોએ મૌન જાળવી રાખ્યું હતું, પરંતુ એવી ચર્ચા હતી કે રોહિત નારાજ હોવા છતાં સંમત થયો હતો. જોકે, લોર્ડ્સમાં તેની શાનદાર સદી બાદ નિવૃત્તિની શક્યતા હાલ પૂરતી રદ થઈ ગઈ છે. આમ છતાં, રોહિત આગામી વર્ષે સાઉથ આફ્રિકા જતી ફ્લાઈટમાં બોર્ડ કરશે કે નહીં તે ચોક્કસ કહી શકાય તેમ નથી.

અજીત અગરકરના ભાવિ પરનું જોખમ ટળ્યાનો સંકેત

અગરકરનો વર્તમાન કોન્ટ્રાક્ટ 4 ઓક્ટોબરે પૂરો થાય છે, પરંતુ તેમને આ સમીક્ષા બેઠકમાં બોલાવવામાં આવી રહ્યા હોવાથી બીસીસીઆઈ વનડે વર્લ્ડકપ પૂરો થાય ત્યાં સુધી સાતત્ય જાળવી રાખવા આતુર હોય તેવું લાગે છે. વિવિધ વિભાગોમાં કામગીરી સરળ રહે તે સુનિશ્ચિત કરવાની સાથે, બીસીસીઆઈ એ પણ ઈચ્છશે કે ગંભીર-અગરકર-લક્ષ્મણની આ ત્રિપુટી એક જ વિચારસરણી સાથે આગળ વધે.

શ્રીલંકા પ્રવાસ પહેલા બુમરાહ એક ટેસ્ટ માટે ફિટ થવાનું કહેવાયું પણ એમ થયું નહોતું

બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝ પહેલા પસંદગી સમિતિના પ્રમુખને બિનઅધિકૃત રીતે જાણ કરવામાં આવી હતી કે જસપ્રીત બુમરાહ બેમાંથી ઓછામાં ઓછી એક ટેસ્ટ માટે ફિટ થઈ જશે. હકીકતમાં, તેમણે બુમરાહની ગેરહાજરી અંગે વધુ સ્પષ્ટતા માંગતો એક ઈમેલ પણ COEને લખ્યો હતો. બીજી ટેસ્ટમાં બુમરાહની ગેરહાજરી સ્પષ્ટપણે વર્તાઈ હતી, જ્યાં સપાટ પિચ પર સિરાજ લયમાં જણાયો નહોતો. હાર્દિક પંડ્યા કિસ્સામાં પણ એવું જ છે, જે આઈપીએલ પછી એક પણ મેચ રમ્યો નથી અને વનડે વર્લ્ડકપની દૃષ્ટિએ તે ખૂબ મહત્વનો ખેલાડી છે.

હાર્દિક 10 ઓવર બોલિંગ કરવા માટે ફિટ જાહેર ન થાય ત્યાં સુધી વન ડેમાં પસંદગી નહીં

હાર્દિક પંડ્યાએ પોતાનો બેઝ બેંગલુરુ શિફ્ટ કર્યો છે, ત્યાં ભાડે ઘર લીધું છે અને નજીકના ભવિષ્યમાં ત્યાં ટ્રેનિંગ લેવાની યોજના બનાવી રહ્યો છે. જોકે, ટીમ મેનેજમેન્ટ અને પસંદગી સમિતિ સ્પષ્ટ છે કે જ્યાં સુધી COE પંડ્યાને 10 ઓવર બોલિંગ કરવા માટે ફિટ જાહેર ન કરે, ત્યાં સુધી તેને વનડે ક્રિકેટ માટે પસંદ કરવામાં આવશે નહીં. પંડ્યા એશિયન ગેમ્સની ટીમનો ભાગ ન હોવાથી અફઘાનિસ્તાન સામે રમવાની રેસમાં ક્યારેય નહોતો. ઝડપી બોલર આકાશ દીપ પણ છેલ્લા કેટલાક મહિનાઓથી COEમાં છે અને તેણે કોઈ ઇન્ટરનેશનલ મેચ રમી નથી. ટેસ્ટ સિરીઝ શરૂ થાય તે પહેલા ન્યૂઝીલેન્ડ 'એ' સામે તેની ઉપલબ્ધતા અંગે પ્રશ્નો છે.

યુએસ ઓપન : ઝવેરેવની સંઘર્ષપૂર્ણ જીત, રિબાકીના, ગફની પણ આગેકૂચ

સોનેગો સામે પાંચ સેટનો મુકાબલો જીતી ઝવેરેવ અપસેટથી બચ્યો, મોનફિલ્સ, ટેલર ફિટ્ઝ પણ જીત્યા

મહિલા સિંગલ્સમાં એન્ડ્રીવા, એલેક્ઝાન્ડ્રા એલા, મેડિસન કિઝ જીતી, બેલિન્ડા બેનસિક અપસેટનો શિકાર

ન્યૂયોર્ક, તા. 02 : મંગળવારે આર્થર એશે સ્ટેડિયમ ખાતે યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં ટોચના ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝ્વેરેવે પ્રથમ રાઉન્ડના મુકાબલામાં સંઘર્ષપૂર્ણ જીત મેળવી હતી જ્યારે એલેના રિબાકીના અને કોકો ગફે સીધા સેટમાં વિજય મેળવીને આગેકૂચ કરી હતી.

બીજા અને ત્રીજા સેટમાં હાર્યા બાદ જોરદાર વાપસી કરીને ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન ઝ્વેરેવે બિનક્રમાંકિત લોરેન્ઝો સોનેગોના અપસેટ પ્રયાસમાંથી બચીને ચાર કલાક અને 52 મિનિટ ચાલેલા રોમાંચક મુકાબલામાં 6-4, 3-6, 6-7, 7-5, 6-4થી જીત મેળવી. આ ઝ્વેરેવનો સોનેગો પર સતત સાતમો વિજય હતો. સોનેગો તેના 10મા યુએસ ઓપન દેખાવમાં ક્યારેય બીજા રાઉન્ડથી આગળ વધ્યો નથી. પુરુષ સિંગલ્સની અન્ય મેચમાં નવમા ક્રમાંકિત ટેલર ફિટ્ઝે અમેરિકાના જ ડાર્વિન બ્લેન્ચને 6-3, 6-2, 6-4થી હરાવ્યો. જોકે, પાંચમા ક્રમાંકિત ઈટાલીના ફ્લેવિયો કોબોલીને આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો કોમેસાના સામે 3-6, 2-6, 6-3, 6-4, 6-4 થી જીત મેળવવા માટે પાંચ સેટ સુધી સંઘર્ષ કરવો પડ્યો.

મહિલા સિંગલ્સમાં, બીજી ક્રમાંકિત રિબાકીનાએ કેલિફોર્નિયાની 17 વર્ષીય થિયા ફ્રોડિનને 6-3, 6-2 થી હરાવી. ચોથી ક્રમાંકિત ગફે પણ ઝેનેપ સોનમેઝને 6-3, 6-4 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. પાંચમી ક્રમાંકિત મારિયા એન્ડ્રીવાએ ઈન્ડોનેશિયન ખેલાડી જેનિસ જેનને 6-2, 6-2થી હરાવી હતી જ્યારે 17મી ક્રમાંકિત એલેક્સ એલાએ મેરી એસ્ટોઈઆનાને 6-1, 6-2થી હરાવી હતી. કઝાકિસ્તાનની બિનક્રમાંકિત યુલિયા પુતિન્ટસેવા સામે 4-6, 7-5, 6-3થી હારતાં બેલિન્ડા બેનસિકને અપસેટનો સામનો કરવો પડ્યો. મેડિસન કીઝે સીધા સેટમાં જીત મેળવીને આગળ વધી હતી.

મોનફિલ્સ સૌથી મોટી વયે ગ્રાન્ડસ્લેમ મેચ જીતનાર ખેલાડી બન્યો



મેન્સ સિંગલ્સમાં, ગેલ મોનફિલ્સે પોતાના 40 જન્મદિનની ઉજવણી કરતો હોય તેમ પહેલો સેટ ગુમાવ્યા બાદ જોરદાર વાપસી કરીને એડોલ્ફો ડેનિયલ વાલેજોને 2-6, 6-1, 6-2, 6-0થી હરાવ્યો. આ સાથે મોનફિલ્સ વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં મેચ જીતનાર સૌથી મોટી ઉંમરના પુરુષ ખેલાડી બન્યા. જીમી કોનર્સે અગાઉ 2 સપ્ટેમ્બર, 1992 ના રોજ 40 વર્ષની ઉંમરે જેમે ઓનસિન્સને હરાવીને આ સિદ્ધિ મેળવી હતી. મોનફિલ્સ આ મેચ જીતતા હવે તેની ગ્રાન્ડસ્લેમમ કેરિયર વધુ એક મેચ લંબાઇ છે.

તિલકની અર્ધસદીથી સાઉથ ઝોન દુલીપ ટ્રોફીની ફાઈનલમાં

બેંગલુરુ, તા. 02 (પીટીઆઈ) : કેપ્ટન તિલક વર્માની નોટઆઉટ અડધી સદીની મદદથી સાઉથ ઝોને આજે બુધવારે અહીં સેમી ફાઈનલના ચોથા અને અંતિમ દિવસે નોર્થ ઝોનને સાત વિકેટથી હરાવીને દુલીપ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. નોર્થ ઝોનના 181 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, સાઉથ ઝોને તિલક અને રવિચંદ્રન સ્મરણ વચ્ચે ચોથી વિકેટ માટે 80 રનની નોટઆઉટ ભાગીદારીને કારણે મેચ જીતી લીધી. સાઉથ ઝોને બીજા સત્રમાં ત્રણ વિકેટે 182 રન બનાવીને વિજય મેળવ્યો. હવે તેઓ છઠ્ઠી સપ્ટેમ્બરથી ચેન્નાઈમાં ફાઈનલ મેચમાં પૂર્વ ઝોનનો સામનો કરશે.

પ્રથમ ઈનિંગમાં 116 રને નોટઆઉટ રહીને સાઉથ ઝોનને 117 રનની મહત્વપૂર્ણ સરસાઈ અપાવનાર તિલક જ્યારે તેની ટીમ 102 રનમાં ત્રણ વિકેટ ગુમાવી ચૂકી હતી ત્યારે ક્રીઝ પર આવ્યો હતો. બ્રારે સતત ઝડપી અને બોડી-હિટિંગ બોલિંગ દ્વારા તિલકની કસોટી કરી જ્યારે મુશ્તાકે પીચના અસમાન ઉછાળાનો લાભ લઈને તેના ફૂટવર્કને પડકાર ફેંક્યો. તિલક આ પડકારોનો પ્રશંસનીય રીતે સામનો કર્યો, ઓફ સાઈડ દ્વારા કેટલાક ઉત્કૃષ્ટ ડ્રાઈવ્સ ફટકાર્યા. એકવાર તેણે પોતાની લય મેળવી લીધી, પછી તેણે મુશ્તાક સામે રિવર્સ સ્વીપ અને પેડલ સ્વીપ રમીને દક્ષિણ ઝોનને લક્ષ્યની નજીક પહોંચાડ્યું.

સુડોકુ

૩		૮					૪	૫
			૩	૫		૧		
૧	૬		૮			૩	૨	
	૩	૯	૧					
૭	૮				૪			
૪				૯		૮		૧
	૫				૧	૨		૬
	૧	૩			૫			૪
૮		૨	૬			૫	૧	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૬	૫	૭	૯	૬	૯	૨	૭
૨	૭	૭	૫	૯	૩	૯	૬	૬
૬	૯	૯	૬	૭	૨	૭	૫	૩
૬	૭	૭	૯	૩	૫	૬	૯	૨
૯	૫	૩	૨	૬	૬	૭	૭	૫
૯	૬	૩	૨	૭	૭	૫	૬	૯
૭	૯	૯	૩	૨	૭	૫	૭	૬
૭	૭	૬	૬	૫	૫	૭	૩	૯
૫	૨	૬	૯	૬	૭	૭	૯	૭

૭૬૬૬-૭૬૬૭ ક્રીડ્સ

આકિબ જાવેદે ઈમામની ઈજા અંગે તપાસની માગ કરી

પાકિસ્તાની પસંદગીકાર આકિબે સાત ખેલાડીને પરત બોલાવવાના નિર્ણયનો બચાવ કર્યો

ઈસ્લામાબાદ, તા. 02 (એપી) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ની પસંદગી સમિતિના એક વરિષ્ઠ સભ્યએ ઈમામ-ઉલ-હકની પિંડીની ઈજાની ગંભીરતા સામે સવાલો ઉઠાવ્યા છે અને ગયા રવિવારે લોર્ડ્સ ખાતે ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનના ૧૯૪ રનથી થયેલા પરાજય દરમિયાન આ ઓપનર બેટિંગ કરવા ન આવતા તેની સારવારના પ્રોટોકોલ અંગે તપાસની માગ કરી છે.

મંગળવારે રાત્રે પ્રસારિત પાકિસ્તાનની ખાનગી ન્યૂઝ ચેનલ 'જીઓ ટીવી'ને આપેલા ઈન્ટરવ્યુમાં ચાર સભ્યોની રાષ્ટ્રીય પંસદગી પેનલના ભાગ એવા આકિબ જાવેદે જણાવ્યું હતું કે, આ મામલે તપાસ કરવામાં આવશે. જાવેદે કહ્યું કે સ્નાયુ ખેંચાઈ ગયા પછી તમે બંને ઈનિંગ્સમાં બેટિંગ કરવા બહાર ન આવી શકો તે કેવી રીતે શક્ય બને? ઈજાઓ થતી હોય છે અને આપણે ભૂતકાળમાં એવા કિસ્સાઓ જોયા છે જ્યાં ખેલાડીઓ પ્લાસ્ટર બાંધેલું હોવા છતાં મેદાનમાં ગયા હોય અને પ્રયાસ કર્યો હોય. આ સ્થિતિ અલગ છે. આ બાબત ભારે ચિંતાજનક છે અને તેના પર પગલાં લેવામાં આવશે.

લોર્ડસ ટેસ્ટની પ્લેઇંગ ઇલેવન મામલે ટીમ મેમેજમેન્ટ અને આકિબ જાવેદ વચ્ચે મતભેદ થયા હતા

લોર્ડ્સ ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવન અંગે ટીમ મેનેજમેન્ટ અને જાવેદ વચ્ચે ગંભીર મતભેદો હોવાના અહેવાલો છે, જેના કારણે પ્રવાસની વચ્ચે જ આ ફેરફારો કરવા પડ્યા છે. જાવેદ ઈચ્છતા હતા કે હેડ કોચ અને કેપ્ટન બાબર આઝમ લોર્ડ્સ ટેસ્ટ માટે મોહમ્મદ રિઝવાનના સ્થાને ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર, ફાસ્ટ બોલર ઉબેદ શાહ અને વિકેટકીપર-બેટ્સમેન ગાઝી ઘોરીનો સમાવેશ કરે, પરંતુ પ્રવાસ મેનેજમેન્ટે માત્ર સલમાન અલી આગાને જ બહાર બેસાડ્યો હતો, જેણે બાબરની ઈજાના કારણે ગેરહાજરીમાં પ્રથમ ટેસ્ટમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

આંખોની બીમારી

કોઈ એક બિમારી નથી નહીંતર નિષ્ણાતની જરૂર ના રહેતી. આંખ મહામૂલી ભેટ છે. સૌરાષ્ટ્રમાં રાજુલા સ્થિત કલ્યાણ મંડળ દર વર્ષે અસંખ્ય પડીકી વિના મૂલ્ય વિતરણ કરે છે. પ્રયોગ જુઓ. આરસની ખરલમાં મેજેન્ટા ક્રિસ્ટલ 15 ગ્રામ લઈ, એક કલાક ઘૂંટવો. તેમાં 50 ગ્રામ ઝીંક ઓક્ષાઈડ ભેળવી પંદર મિનિટ ઘૂંટવાનું છે. આ મિશ્રણ એક મોટી સ્વચ્છ પિત્તળ થાળમાં બીજા ચારસો ગ્રામ ઝીંક ઓક્ષાઈડ સાથે ભેળવી, ફરી ઘૂંટી બાટલીમાં ભરી લેવું. તેમાંથી મગના દાણા જેટલી ભૂકી, ગાયના દૂધમાં ઘૂંટી રોજ આંજવાથી આંખોની લાલાશ, ગરમી, પાણી ઝરણું મટે છે. અમે આ પ્રયોગની જરાયે ભલામણ કરતાં નથી . હેતુ ફક્ત સંશોધન બીજ સંશોધકો સુધી પહોંચાડવાનો છે. આંખ મોંઘુ રતન છે. જાતે પ્રયોગ કરવો નહીં.

આજનું પંચાંગ

તા. 03/09/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: વદ: સાતમ: 26:26 બૃહસ્પતિ પૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવો: 12
યોગ : વ્યાઘાત **કરણ:** વિષ્ટિ
નક્ષત્ર : કૃતિકા : 24:30
રાશિ: મેષ (અ,લ,ઈ), 07:27 પછી વૃષભ (બ.વ.ઉ.)
દિવસ : સામાન્ય શીતળા સાતમ
સુરતમાં સૂર્યોદય : 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
નવકારસી : 07:12
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 20મો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, રોગ, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુકાળ : 13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): સરકારી કામ તથા વારસાને લગતા કામમાં સફળતા મળે. પારિવારિક સંબંધોમાં તાલમેળ રાખવો. અચાનક શુભ સમાચાર મળે.
વૃષભ (બ,વ,ઉ,): નવા ક્રિએટીવ વિચારોથી નોકરીમાં ઉપયોગ કરવાની તક મળે. દાંપત્ય તથા ભાગીદારીમાં તાલમેળની સફળતા મળે.
મિથુન (ક,છ,ઘ,): માનસિક પીડાથી બચવા મૌન રહેવું તથા સામાજિક જીવનમાં તાલમેળ રાખવો. ઉધાર લેવા દેવાનું ટાળવું. ખર્ચા વધશે.
કર્ક (ડ,હ,): મિત્રો વડીલો પરિવાર સાથે ટીમ વર્કથી સફળતા મળે. તથા અટકેલા કામમાં ગતિ આવે. આર્થિક લાભ વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): અટકેલા પ્રોજેક્ટમાં સફળતા મળી શકે છે. આર્થિક સફળતા માટે વડીલોનો સાથ મળે. વેપારમાં નવી યોજના બને.
કન્યા (પ,ઠ,ણ,): જીવનસાથી સાથે ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવાનું બને. વિદેશમાંથી અચાનક શુભ સફળતા મળે. બૌધ્ધિક કાર્ય પાર પડે.
તુલા (ર,ત,): સહકર્મીઓનો સાથ મળે. આર્થિક વ્યવહાર બાબતે સાવધાની રાખવી. ઉધરાણી આવી શકે છે. મન અશાંત રહે.
વૃશ્ચિક (ન,ય,): કૌટુંબિક ભાવના પર કાબુ રાખવો. અચાનક સામાજીક જવાબદારીથી પ્રભાવ વધે. કોર્ટ-કચેરીમાં મદદ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): આરોગ્યનું ધ્યાન રાખવું. હરીફોથી અચાનક સામાજીક જવાબદારીથી પ્રભાવ વધે. કોર્ટ-કચેરીમાં મદદ મળે.
મકર (ખ,જ,): સંતાનોના કામમાં અનુકૂળતા રહે. જીવનસાથી સાથે સામાજીક કાર્યમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત ફળે.
કુંભ (ગ,સ,શ,ષ,): ઘર-પરિવારની સમસ્યાનો અંત આવી શકે છે. બહારના કામ પાર પડે. આવક વધે.
મીન (દ,ચ,ઝ,થ,): ટેકનોલોજી, મિડીયા અને કોમ્યુનિકેશનને લગતા કામમાં સફળતા મળે. અટકેલા કામ પાર પડે.

કોઈ પણ સાલમાં 03 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સફળતામાં અવરોધ પેદા કરનાર રહેશે. માટે ધીરજ અને આત્મવિશ્વાસ સાથે કોઇની વાતોમાં આવ્યા વગર કામમાં વફાદારી રાખવી. ટેકનોલોજીનો ઉપયોગ કરતા રહેવું. મિડીયા અને સામાજિક બાબતોએ સાવધાની રાખવી. આર્થિક ભીંસનો અનુભવ થાય. ઉધરાણી કે આરોગ્ય નરમ -ગરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કોઇની વાતોમાં આવવું નહી. પ્રેમ-વિવાહમાં ધીરજ રાખવી. ઉમર લાયકના વિવાહના ખર્ચા વધશે. વિદેશના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત વધે. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં તક મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમા પડશે. સામાજિક કામ તથા અન્ય બાબતોમાં હરીફો વધશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર, 03,12,21,30 તારીખે નવા કામ કરવા. સોનેરી, પીળા, જાંબલી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઇ રવિ બુધવાર 2,11,20,29 તારીખે નવા કામ ટાળવા. લાભ, લીલા રંગનો ઉપયોગ ટાળવો.

અનુસંધાન... પાના પહેલાનું

CJPના ખુલાસાની...

અમારી ઉપર પથ્થરમારો કરાયો હતો, મહિલાઓ સાથે મારપીટ કરાઈ હતી પણ હવે જો બાળકો માટે સારું મકાન બને તો અગાઉની આ મુશ્કેલીઓ યોગ્ય ઠરશે.

મહિલા ટ્રસ્ટીનો...

જોઇન્ટ સીઈઓ કે ડેપ્યુટી સીઈઓની નિમણૂક કરવાની જરૂરિયાત અનુભવાઈ શકે છે." તેમણે ઉમેર્યું કે ટ્રસ્ટન